1. વિશ્વનાં કયાંકયાં દેશોમાં સ્વાતંત્ર્યસંગ્રામો ઉદ્દભવ્યા હતાં?

➢ વિશ્વમાં ભારત ઉપરાંત અમેરિકા, ફ્રાન્સ, ઇટાલી, રશિયા, આયર્લેન્ડ અને આફ્રિકા તથા એશિયાના કેટલાક દેશમાં સ્વાતંત્ર્ય સંગ્રામો ઉદ્ભવ્યા હતા.

2. 1857ના સંગ્રામની શરૂઆત કયા રૂપમાં થઈ હતી ?

➢ 1857ના સંગ્રામની શરૂઆત સૈનિક વિદ્રોહના રૂપમાં થઈ હતી.

3. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં પોતાના શાસનનો વિસ્તાર કેવી રીતે કર્યો હતો?

➢ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ યુદ્ધનિતી, ચાણક્યનીતિ તથા ''ભાગલા પાડો'' નીતિનો આશરો લઈને પોતાના શાસનનો વિસ્તાર કર્યો હતો.

4. વેલેસ્લીએ સહાયકારી યોજના હેઠળ કયાંકયાં રાજ્યો પોતાના હસ્તક કયાં હતાં?

➢ વેલેસ્લીએ સહાયકારી યોજના હેઠળ હૈદરાબાદ, અવધ, તાંજોર, સુરત અને કચ્છટિક રાજયનો વહીવટ પોતાના હસ્તક લીધો હતો.

5. ડેલહાઉસીએ ખાલસાનીતિ દ્વારા કયા પ્રદેશોને બ્રિટિશ સામ્રાજ્ય સાથે જોડ્યા હતાં ?

➢ ડેલહાઉસીએ ખાલસાનીતિ છેઠળ સતારા, જેતપુર, સંભલપુર, બધાટ, ઉદેપુર, ઝાંસી, નાગપુર, અવધ જેવા પ્રદેશોને બ્રિટિશ સામ્રાજય સાથે જોડ્યા હતાં.

6. ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત કઈકઈ રસમો અપનાવી હતી ?

➢ ડેલહાઉસીએ ખાલસાનીતિ અંતર્ગત યુદ્ધો કરીને, ગેરવહીવટના બહાના હેઠળ, દેવાની રકમ વસૂલવાં કે દત્તકપુત્ર લેવાના અધિકાર નામંજૂર કરવાની રસમો અપનાવી હતી.

7. ભારતના જમીનદારો જમીનવિહોણા શાથી બની ગયા ?

➢ 'ઇનામ કમિશન' કરેલ ભલામણ અનુસાર દાન કે અન્ય કારણોસર ભેટમાં આપવામાં આવેલ ઘણીખરી જમીન સરકારે જપ્ત કરી, જેને પરિણામે જમીનદારો જમીનવિહોણા બન્યા હતા.

8. બ્રિટિશ શાસકોના કયા કાયદાઓ રૂઢિચુસ્ત સમાજને તેમની સામાજીક વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરનારાં લાગ્યા ?

➢ બ્રિટિશ શાસકોના સતીપ્રથા, બાળહત્યા અને બાળલગ્ન પર પ્રતિબંધ તથા વિધવાવિવાહને કાયદેસર ગણવા અંગેના કાયદાઓએ રૂઢિચુસ્ત સમાજને પોતાના સામાજીક વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરનારા લાગ્યા.

9. કયા કાયદા હેઠળ ધર્મપરિવર્સ કરેલ વ્યક્તિને વારસદાર માટે હકદાર ઠેરવવામાં આવ્યો?

➢ ઈ.સ. 1850ના "Religious Disabilities Act" હેઠળ ધર્મપરિવર્તન કરી ખ્રિસ્તી બનેલ હિન્દુ કે મુસ્લિમને પૈતૃક મિલકતમાં વારસદાર માટે હકદાર ઠેરવવામાં આવ્યા હતા.

10. પાદરીઓ ખ્રિસ્તી ધર્મને પ્રચાર ક્યાં કરતાં હતાં ?

- પાદરીનો ખ્રિસ્તી ધર્મનો પ્રચાર શાળાઓ, જેલ, લશ્કરી મથકો, સરકારી કચેરીઓ જેવા જાહેર સ્થળોએ કરતાં હતાં.

11. જનરલ કેનિગના સમયમાં કયા કાયદાને કારણે ભારતીય સૈનિકોમાં અસંતોષ ફેલાયો ?

- જનરલ કેનિગના સમયમાં પસાર કરવામાં આવેલ સામાન્ય સેના ભર્તી અધિનિયમ1856 મુજબ ભારતીય સૈનિકોને લશ્કરી સેવાઓ માટે હિંદ કે હિંદ બહાર ગમે તે જગ્યાએ મોકલવામાં આવશે. આ કાયદાએ સૈનિકોમાં અસંતોષ ફેલાવ્યો.

12. કઈ આગાહીએ સંગ્રામકારીઓને પ્રેરણા આપી ?

- જૂન, 1857માં પ્લાસીના યુદ્ધને સોવર્ષ પૂરાં થતાં હતાં અને ભારતમાં કંપનીનું શાસન સો વર્ષ જ ટકવાનું છે એ આગાહીએ હિંદના સંગ્રામકારીઓને પ્રેરણા પૂરી પાડી હતી.

13. કયાં યુદ્ધોમાં અંગ્રેજોનો પરાજય થતાં હિન્દીઓ પ્રોત્સાહિત થયા?

- પ્રથમ અફઘાન વિગ્રહ અને પંજાબ સંઘર્ષમાં અંગ્રેજોના પરાજય હિન્દીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

14. 1857ના સંગ્રામનો પ્રથમ બનાવ ક્યાં બન્યો?

- 1857ના સંગ્રામનો પ્રથમ બનાવ બંગાળની બરાકપુરની લશ્કરી છાવણીમાં બન્યો હતો.

15. મેરઠના સિપાઈઓએ કોને ભારતના સાચા સમ્રાટે જાહેર કર્યો છે ?

- મેરઠના સિપાઈઓએ મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરને ભારતના સાચા સમ્રાટ તરીકે જાહેર કર્યા.

16. સંગ્રામકારીઓની લડતને દબાવી દેવામાં કઈ કોમોએ મહત્વનો ભાગ ભજવ્યો?

- સંગ્રામકારીઓની લડતને દબાવી દેવામાં શીખ અને ગોરખા કોમોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

17. કયાં સ્થળોએ નેતાઓના આદેશની અવગણના કરી વિજયી સિપાઈઓ અઘટિત વર્તયા હતાં?

- દિલ્લી, કાનપુર, અલ્હાબાદ, ઝાંસી વગેરે સ્થળોએ નેતાઓના આદેશની અવગણના કરી વિજયી સિપાઈઓ અઘટિત વત્યાં હતાં.

18. 1857ના સંગ્રામમાં કયા રાજાઓએ અંગ્રેજોને સહાય કરી ?

- 1857ના સંગ્રામમાં હૈદારબાદના નિઝામ, ગાયકવાઇ, સિંધિયા, હોલ કર જેવા રાજાઓએ અંગ્રેજો ને સહાય કરી હતી.

19. મોટાભાગના સંગ્રામવાદીઓએ શા માટે સંગ્રામમાં જોડાયા હતાં?

- મોટાભાગના સંગ્રામવાદીઓએ અંગત સ્વાર્થ અને સંકુચિત પ્રાદેશિક ભાવનાથી પ્રેરાઈને સંગ્રામમાં ભાગ લીધો હતો.

20. સ્વતંત્ર સંગ્રામ માટે કઈ તારીખ નિયત કરવામાં આવી હતી ?

- સ્વતંત્ર સંગ્રામ માટે 31 મે, 1857ની તારીખ નિયત કરવામાં આવી હતી.

21. 1857નાં સંગ્રામનું તાત્કાલિક કારણ કર્યું હતું?

- 1857નાં સંગ્રામનું તાત્કાલિક કારણ ભારતીય લશ્કરમાં દાખલ કરવામાં આવેલી એન્ફિલ્ટ રાયફલની કારતૂસની બનાવટમાં વપરાતી ગાય અને ડુક્કરની ચરબી હતું.

22. સ્વતંત્ર સંગ્રામનો પ્રારંભ કયા દિવસે થયો ?

- સ્વતંત્રસંગ્રામનો પ્રારંભ 10 મે, 1857ના રોજ થયો.

23. 1857ના સંગ્રામના નેતાઓ જણાવો.

- 1857ના સંગ્રામના નેતાઓમાં મુઘલ બાદશાહ, બહાદુરશાહ, હઝરત મહલ, રાણી લક્ષ્મીબાઈ, નાનાસાહેબ, તાત્યા ટોપે, જાગીરદાર કુંવરસિંહ હતાં.

24. સંગ્રામને અંતે લરકરમાં કઈ રેજીમેન્ટ બનાવવામાં આવી?

- સંગ્રામને અંતે લરકરમાં શીખ, ગુરખા, પઢારા , રાજપૂત રેજીમેન્ટ બનાવવામાં આવી .

25. 1857ના સંગ્રામ બાદ ભારતમાં કોનું શાસન સ્થાપિત થયું?

- 1857ના સંગ્રામ બાદ ભારતમાં બ્રિટિશ રાજ (ઇંગ્લેન્ડ સરકાર) નું શાસન સ્થાપિત થયું હતું.